## પ્રકરણ ૩

# વેદાન્ત વિષયક ઉપનિષદોની પાઠસમીક્ષા

મહાદેવ શાસ્ત્રી સંપાદિત "**सामान्यवेदान्तउपनिषदः**" એ સંદર્ભ પુસ્તક છે. આ પુસ્તકમાં ચોવીસ ઉપનિષદોને અમે અભ્યાસનો વિષય બનાવેલ છે. મહાદેવ શાસ્ત્રી સંપાદિત "**अष्टोत्तरशतोपनिषत्सु-सामान्यवेदान्तउपनिषदः**" સંદર્ભપુસ્તકમાં જે ઉપનિષદો આપણને જોવા મળે છે, તે જ સ્વામી માધવાનંદકૃત "Minor Upanishads"[2] માં પણ જોવા મળે છે. પરંતુ આ બન્ને ગ્રંથોના પાઠનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમની વાક્યરચનામાં કોઈ એકવાક્યતા નથી, ક્યારેક વાક્યોમાં ભેદ જણાય છે, તો ક્યારેક પાઠને વચ્ચેથી જ ટૂંકાવી દેવામાં આવે છે, તો ઘણી વખત વધારે લાંબું સંસ્કરણ પણ જોવા મળે છે. મહાદેવ શાસ્ત્રી સંપાદિત સામાન્યવેદાન્ત ઉપનિષદ અને સ્વામી માધવાનંદ કૃત "Minor Upanishads"બન્ને ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ કરતાં જોવા મળતાં પાઠાન્તર નીચે મુજબ છે.

### आत्मोपनिषद्

| **सामान्यवेदान्त उपनिषदः** | Minor Upanishads |
|---|---|
| **पृ.१०** | Page 10 |
| (1) अथाङ्गिरास्त्रिविधः पुरुषोऽजायतात्मा- | ॐ अथैवाङ्गिरास्त्रिविधः पुरुषस्तद्यथा |
| ऽन्तरात्मा परमात्मा चेति । | बाह्यात्माऽन्तरात्मा परमात्मा चेति । |
| (2) त्वक्चर्ममांसरोमाङ्गुष्ठाङ्गुल्यः | त्वक्चर्ममांसरोमाङ्गुल्यङ्गुष्ठवंशन |
| पृष्ठवंशनखगुल्फोदरनाभिमेढ्रकट्यूकपोल- | खगुल्फोदरनाभिमेढ्रकट्यूरुकपोल- |
| श्रोत्र भ्रूललाटबाहूपार्श्वशिरोऽअक्षीणिइत्येष | भ्रूललाटबाहूपार्श्वशिरोधमनिकाक्षीणि ...... |
| आत्मा । पृ.१० | ब्रह्मात्मा नाम । |
| रसयिता नेता कर्ता विज्ञानात्मा | रसयिता मन्ता बोध्धा कर्ता विज्ञानात्मा |

| **सामान्यवेदान्त उपनिषदः** | Minor Upanishads |
|---|---|
| **पृ.१०** | Page. 10. |
| प्रत्याहारधारणाध्यान समाधि | प्रत्याहारसमाधि |
| चिन्तककवटकणिका विकल्पनादिभिः | चिन्तकं वटकणिका विकल्पनादिभिर्न |
| स लभ्यते । | लभ्यते ॥ |
| निष्क्रियस्तस्य संसारो नास्ति । | निष्क्रियः संसारोनास्ति संस्कारो नास्त्येष परमात्मा पुरुषो नाम । |

**નોંધ :**

Minor Upanisads માં **आत्मोपषिद्** માં પરમાત્માના સ્વરૂપના વર્ણનથી પાઠ પૂરો થાય છે, જ્યારે મહાદેવ શાસ્ત્રી સંપાદિત સામાન્યવેદાન્ત ઉપનિષદમાં ગદ્યભાગ પૂરો થયા પછી ૩૧ શ્લોકો વધારાના મળે છે. (જુઓ પૃ.૯૨ થી ૯૭ સા. વે. ઉપનિષદ)

## सर्वसारोपनिषद्

| **सामान्य वेदान्त उपनिषद : पृ.४४४** | **Minor Upaniasads.** પૃ.૩૫ |
|---|---|
| નામભેદ. सर्वसारोपनिषद् | सर्वोपनिषद् |
| क़र्ता जीव पञ्चवर्गः क्षेत्रज्ञः | कर्ता जीव क्षेत्रज्ञ (पञ्चवर्गः નથી) |
| વ્યાખ્યાભેદ : आत्मेश्वरजीवोऽनात्मनां | आत्मेश्वरोऽनात्मनो विज्ञानाभावाद्दा |
| विज्ञानाभावद्यदा शब्दादीन्नोपलभते तदाऽऽत्मनः | तदाऽऽत्मनः स्वप्नम् । |
| सुषुप्तम् । | |
| अन्नकार्याणां कोशानां । | अन्नकार्याणां षण्णां कोशानां । |

| **सामान्य वेदान्त उपनिषद : पृ.४४४** | Minor Upaniasads. પૃ.૩૫ |
|---|---|
| मनआदिचतुर्दशकरणै | मनआदि चतुर्भिः करणै |
| सुखदुःखबुध्धयाश्रयोऽन्तः कर्ता (पृ.४४७) | सुखदुःखबुद्धऽाश्रयो वेदान्तः कर्ता |

બન્નેની વ્યાખ્યા અલગ છે. वेदान्त कर्ता હોઈ શકે નહિ.

| | |
|---|---|
| सत्यं ज्ञानमनन्तमानन्दं सर्वोपाधिविनिर्मुक्तं | આ વાક્ય નથી. |
| कटक मुकुटा...प्रत्यगात्मेत्युच्यते । | |
| आकाशवत् सूक्ष्मं केवलं सत्तामात्रस्वभावं | आकाशवत्सर्वगतः सूक्ष्मः केवलः |
| परं ब्रह्मेत्युच्यते । | सत्तामात्रोऽसि पदार्थः स्वयंज्योति |
| | रात्मेत्युच्यतेऽतत्पदार्थ श्चाऽऽत्मेत्युच्यते ॥ પૃ.૪૨ |

સ્વામી માધવાનંદ કૃત "Minor Upanishads"માં માયાના સ્વરૂપનું નિરૂપણ કરતા ગદ્યભાગ આગળ ઉપનિષદનો પાઠ પૂરો થાય છે, જ્યારે મહાદેવ શાસ્ત્રી સંપાદિત સામાન્ય વેદાન્ત ઉપનિષદમાં ગદ્યભાગ પૂરો થયા પછી પણ પદ્યરૂપે વધારાના ૧૬ થી ૨૧ શ્લોકો મળે છે. જે Minor Upanishads માં નથી.

એક વાત ધ્યાન પર આવે છે કે **आत्मोपनिषद्** અને **सर्वसारोपनिषद्** આ બંને ઉપનિષદોમાં ગદ્યભાગ પૂરતી Minor Upanishads અને સામાન્યવેદાન્ત ઉપનિષદમાં સમાનતા છે, પણ સામાન્ય વેદાન્ત ઉપનિષદમાં બંને ઠેકાણે એટલે કે **आत्मोपनिषद्**અને **सर्वसारोपनिषद** માં પદ્યાત્મક ભાગ વધારાનો મળે છે જે સંભવ છે કે પાછળથી ઉમેરાયો હોય.

## कैवल्योपनिषद् :-

આમ તો આપણા સંદર્ભગ્રંથ **सामान्यवेदान्त उपनिषदः** માં સંગૃહિત થયેલ નથી પણ, માધવાનંદ અને પોલ ડોયસન જેવા વિદ્વાનોએ તેને વેદાન્તવિષયક ઉપનિષદ ગણાવ્યું છે. વધુમાં રાધાકૃષ્ણને પોતાનો Eighteen Principal Upanisadsમાં આનો સમાવેશ કર્યો હોવાથી આ ઉપનિષદ મહત્ત્વનું છે એમ ફલિત થાય છે. એટલે આપણે કૈવલ્ય ઉપનિષદના પાઠની થોડીક સમીક્ષા કરીએ તો અસ્થાને નહિ લેખાય.

ભટ્ટાચાર્યનો સંગ્રહ "One Hundred and Twelve Upanisahds and their Philosophy"માં આ ઉપનિષદ મળે છે.

## कैवल्योपनिषद्

| | |
|---|---|
| One Hundred and Twelve Upaniṣads' પૃ.૧૨૮. | Minor Upanisad પૃ.૭૫ |
| અત્યાશ્રમસ્થ: | અત્યાશ્રમસ્થ: |
| પાપં દહતિ પંણ્ડત: | પાશં દહતિ પણ્ડિત: |

## ब्रह्मोपनिषद्

| | |
|---|---|
| One Hundred and Twelve Upaniṣads and Their Philosophy પૃ.૧૫૧ | Minor Upanisads. પૃ.૫૨ |
| अथास्य पुरुषस्य ..... ત્યાંથી પાઠની શરૂઆત થાય છે. | આ ઉપનિષદમાં અથાસ્ય....એ શરૂઆત પહેલાં સંસ્કૃતમાં પ્રસ્તાવના આપેલી છે. |
| स आदित्यो विष्णु श्चेश्वरश्च । स्वयमनस्कम श्रोत्रम-पाणिपाद..... | स आदित्यो विष्णुश्चेश्वरश्च स पुरुष: स प्राण: स जीव: सोऽग्नि सेश्वरश्च जाग्रेतेषां मध्ये यत्परं ब्रह्म विभाति । स्वयमनस्क । (स पुरुष: થી વિભાતિ સુધીનું વાક્યOne Hundred and Twelve Up.માં નથી.) |

**कैवल्योपनिषद्** આમ તો સામાન્યવેદાન્ત ઉપનિષદમાં સ્થાન પામેલ નથી. પણ, Minor Upanishad અને One Hundred and Tewlve Upanisads બન્ને ગ્રંથોમાં પ્રકાશિત આ ઉપનિષદના પાઠમાં એકવાક્યતા નથી. જે ફરી એક વાર આ ઉપનિષદના પણ સમીક્ષાત્મક સંપાદનની આવશ્યકતા દર્શાવે છે.

**ब्रह्मोपनिषद्** પણ આમ તો સામાન્યવેદાન્ત ઉપનિષદમાં સ્થાન પામેલ નથી, પણ તેમાં પણ પાઠની એકતા નથી. Minor Up. અને One Hundred and Twelve Up.માં પણ પાઠભેદ મળે છે જે દર્શાવે છે કે આ ઉપનિષદ પણ સમીક્ષાત્મક સંપાદન માંગી લે છે.

## गर्भोपनिषद्

| The Samanya Vedanta Upanishads (पृ.१६९) | One Hundred and Twelve Up.पृ.१३४ |
|---|---|
| पृथक् चक्षुः श्रोत्रे चक्षुषीरूपे जिह्वोपस्थश्चानन्दोऽपाने चोत्सर्गो बुध्धया बुध्यति मनसा सङ्कल्पयति वाचा वदति । | पृथक्श्रोत्रे शब्दोपलब्धौ त्वक् स्पर्शे चक्षुषी रूपे जिह्वा रसने नासिका घ्राणे उपस्थ आनन्दे अपान उत्सर्गे बुध्धया बुध्यति । |
| प्रतिविद्याः सप्तविद्या भवन्ति । पृ.१७० | प्रणिधानादशविद्या भवन्ति । पृ.१३४ |
| कलिलं | कललं |
| जठंरकटिप्रदेशो | गुल्फजठरकटिप्रदेशो |
| नासिकाक्षिश्रोत्राणि | मुखनासिकाक्षि...... |

આમ, બંને ઉપનિષદોના વાક્યોમાં ભેદ જોવા મળે છે. આ હકીકત દર્શાવે છે કે હજુ પણ આ નવ્ય અને આપણા અધ્યયનનો વિષય બનેલા વેદાન્તવિષયક ઉપનિષદમાં પાઠની કોઈ એકવાક્યતા નથી.

આ દર્શાવે છે કે આ ઉપનિષદોની સમીક્ષાત્મક આવૃત્તિ કોઈક વિદ્વાને તૈયાર કરવાની તાતી આવશ્યકતા છે.

## મૈત્રાયણી ઉપનિષદમાં જોવા મળતો પાઠભેદ :-

મહાદેવ શાસ્ત્રી સંપાદિત સામાન્યવેદાન્ત ઉપનિષદમાં મૈત્રાયણી ઉપનિષદના આપણને ચાર જ પ્રપાઠક મળે છે. પરન્તુ ૫, ૬ અને ૭ આ ત્રણ પ્રપાઠક અન્યત્ર જોવા મળે છે. જેનો મહાદેવ શાસ્ત્રીએ સમાવેશ કર્યો નથી. ચાર પ્રપાઠક પછી ઉપનિષદ પૂરું થાય છે. આથી આપણને પાઠ અધૂરો હોય તેમ જણાય છે.

પરન્તુ ભટ્ટાચાર્યના "One Hundred and Twelve Upanisads and Their Philosophy"[3] નામના પુસ્તકમાં ચાર પ્રપાઠક સુધીનો પાઠ મહાદેવ શાસ્ત્રી પ્રમાણે જ પ્રાપ્ત થાય છે, પરન્તુ ભટ્ટાચાર્યે આગળ જે પાંચમો પ્રપાઠક આપેલ છે, તે મહાદેવ શાસ્ત્રીના પુસ્તકમાં નથી. ભટ્ટાચાર્યે પાંચ પ્રપાઠક સુધીનો પાઠ આપી ઉપનિષદ સમાપ્ત કરેલ છે.

પરન્તુ પંડિત જગદીશ શાસ્ત્રી સંપાદિત ઉપનિષદ-સંગ્રહ (ભાગ-૨)[4] માં આપણને સાત પ્રપાઠક મળે છે.

E. B. Cowell [5] પણ મૈત્રાયણી ઉપનિષદના સાત પ્રપાઠકનો ઉલ્લેખ કરે છે જેનો મહાદેવ શાસ્ત્રી અને ભટ્ટાચાર્યે ઉલ્લેખ કર્યો નથી જે નોંધપાત્ર છે.

વિન્ટરનિટ્ઝ નોંધે છે તેમ :

The text which has hitherto been translated consists of 7 prapāṭhakas. But the two last prapāṭhakas are missing in his edition of Mahadeva Sastri: (Sāmānya Vedanta Upaniṣads, Page 388) where prapāṭhakas IV, 5 correspond to the 5th prapāṭhakas of the older editions.[6]

આમ, જોઈ શકાશે કે મૈત્રાયણી ઉપનિષદ્ના પાઠમાં કોઈ ચોક્કસ સંગતિ-ક્રમ જોવા મળતો નથી. મહાદેવ શાસ્ત્રીએ ચાર પ્રપાઠક સુધીનો જે પાઠ આપેલ છે. પરન્તુ ભટ્ટાચાર્યે અને પંડિત જગદીશ શાસ્ત્રીએ આગળ પાઠ ચાલુ રાખેલ છે. જગદીશ શાસ્ત્રીના સંપાદનોમાં ચાર પછી પણ પાઠ મળે છે. એટલે એનો અર્થ એ થયો કે ચાર પછી પણ આ ઉપનિષદ કેટલીક હસ્તપ્રતોમાં ચાલુ છે. જે પ્રમાણે ભટ્ટાચાર્ય અને જગદીશ શાસ્ત્રી આપે છે. એટલે આ

ઉપનિષદ પણ સમીક્ષિત સંપાદન માંગી લે છે.

પરન્તુ એટલું તો ચોક્કસ કહી શકાય કે મહાદેવ શાસ્ત્રીએ આ મૈત્રાયણી ઉપનિષદનો જે પાઠ આપેલ છે તે કદાચ અધૂરો હોઈ શકે.

મહાદેવ શાસ્ત્રી સંપાદિત **સામાન્ય વેદાન્ત ઉપનિષદ** જગદીશ શાસ્ત્રીના **ઉપનિષત્ સંગ્રહ** કરતાં પહેલું પ્રકાશિત થયું છે.

(સામાન્યવેદાન્ત ઉપનિષદ-ડિસે.૧૯૨૧ અને ઉપનિષદ સંગ્રહ-૧૯૭૦ પ્રથમ આવૃત્તિ)

મૈત્રાયણી ઉપનિષદ વિશે બેલવલકર-રાનડેએ પોતાના "History of Indian Philosophy"[7] ગ્રંથમાં ઠીક ઠીક વિચાર કર્યો છે. તેના વિષયવસ્તુના વિચારની સાથે તેમણે મૈત્રાયણી ઉપનિષદના પાઠની પણ સમીક્ષા કરી છે. તેઓ મૈત્રાયણી ઉપનિષદની બે સંસ્કરણ પરંપરાઓ નોંધે છે. ઉત્તર ભારતની અને દક્ષિણ ભારતની સંસ્કરણ પરંપરાઓની વિશેષતા દર્શાવતો કોઠો તેમણે પોતાના ઉપર્યુક્ત ગ્રંથમાં આપ્યો છે જે અહીં પ્રસ્તુત કરીએ છીએ.

| **મૈત્રાયણીય** | **મૈત્રાયણીય** | **નોંધ** |
|---|---|---|
| **ઉત્તર ભારત** | **દક્ષિણ ભારત** | |
| પ્રપાઠક-૧-૧ | નથી. | આરંભનું લખાણ મૈત્રાયણીય બ્રાહ્મણ સાથે છે. |
| ૨-૩ | પ્રપાઠક ૧.૧-૨. | -- |
| ૪ | ૩-૭ | નાના પેટા વિભાગો વિષય-વસ્તુમાં કોઈ ફેર નથી. |
| ૨. ૧.૫ | ૨.૧-૫ | -- |
| ૬ | ૬-૯ | સરખી વિચારસરણી |
| ૭ | ૧૦-૧૧ | ઉપર મુજબ |

| મૈત્રાયણીય ઉત્તર ભારત | મૈત્રાયણીય દક્ષિણ ભારત | નોંધ |
|---|---|---|
| ૩.૧-૫ | ૩.૧-૫ | -- |
| ૪.૧-૨ | ૪.૧-૨ | -- |
| ૩ | ૩ | -- |
| નથી. | ૪ | વધારાના ૧૧ શ્લોક |
| પ્રપાઠક. ૪.૪-૬ | નથી. | ત્રીકા ઉપાસના, ત્રિમૂર્તિ જ્યેષ્ઠય પણ |
| ૫.૧ | પ્રપાઠક.૪.૪ | કૌત્સ્યાયનિ સ્તુતિ = દક્ષિણના સંસ્કરણના ૧૨ થી ૧૫ શ્લોક |
| ૨ | ૫ | - |
| ૪.૧-૮ | ૫. ૧-૮ | - |
| ૯.૩૮ | નથી. | - |
| ૭. ૧-૨ | નથી. | - |

આ કોષ્ટક આપ્યા પછી તેઓ આ પ્રમાણેની નોંધ આપે છે. આ કોષ્ટકને આધારે ઉત્તરભારતના સંસ્કરણમાં ૭મું પ્રપાઠક અને છઠ્ઠા પ્રપાઠકના ૯ થી ૩૮ વિભાગો એ અર્વાચીન ઉમેરાઓ છે. તે જ પ્રમાણે ઉત્તર ભારતના સંસ્કરણમાં આનાથી પહેલાં કૌત્સ્યાયની સ્તુતિથી શરૂ થતો ભાગ અને દક્ષિણ સંસ્કરણમાં ૪-૪-૧૨ થી ૫-૮ આ પણ ઉમેરાઓ છે. ઉત્તર ભારતના સંસ્કરણમાં ત્રીક અને ત્રિમૂર્તિ ફકરાઓ પણ સ્વતંત્ર રીતે ઉમેરાઓ છે. જેની સમતુલા દક્ષિણ ભારતની પરંપરામાં યોગક્રિયા વર્ણવતા ૧૧ મંત્રો ઉમેરીને જાળવવામાં આવેલ છે. આ અગિયાર મંત્રો ખરેખર તો અવતરણો છે. બાકીનું ઉપનિષદ એકવાકયતા જાળવે છે. અહીંયા પણ એવું કહી શકાય કે આ ઉપનિષદનો બૃહદ્રથ ભાગ એક સ્વતંત્ર રચના હોઈ શકે.[8]

ટૂંકમાં, એટલું તો ચોક્કસ કહી શકાય કે મૈત્રાયણી ઉપનિષદના પાઠમાં મોટો વિવાદ તો છે જ. (વધુ માહિતી માટે જુઓ પ્રકરણ ૪માં મૈત્રાયણી ઉપનિષદ સાર)

*****

## પ્રકરણ : ૩ પાદટીપ

(1) महादेवशास्त्रीणा संपादिताः-सामान्य उपनिषदः,
अडयार पुस्तकालयार्थे प्रकटीकृताश्च, वर्ष, डिसे. १९२१

(2) Swami Madhavananda-Minor Upanishads
Advaita Ashram Publication Department, Calcutta
Seventh Edition, March, 1992.

(3) Dr. A. N. Bhattacharya : One Hundred and Twelve Upaniṣads and their Philosophy
Parimal Publications, Delhi, India, First Edition, 1987

(4) પંડિત જગદીશ શાસ્ત્રી-ઉપનિષત્-સંગ્રહ
મોતીલાલ બનારસીદાસ, પ્રથમ આવૃત્તિ. ૧૯૭૦

(5) E. B. Cowell, The Maitri or Maaitrayaṇiya Upaniṣad translated into English,
Published by Asiatic Society of Bengal, Re issue-1935,
Calcutta, Bibliotheca India શ્રેણીમાં પ્રકાશિત.

(6) M. Winternitz : History of Indian Literature, Vol.I, Part 1
Third Edition, University of Calcutta,
Translated from the Original German

(7) Belvalkar S. K. & Ranade R. D.
History of Indian Philosophy (Vol.II), Poona 1927

(8) Belvalkar S. K. & Ranade R. D.
History of Indian Philosophy (Vol.II), Poona, 1927,
Page 124.

*****